જિલ્લા પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ તેમજ મહાનગર પાલિકાના પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ (શહેરી વિસ્તાર)ને ચાર્જ સોંપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક:આઇસીડી/ ૧૦૨૦૧૬/૧૫૦૨/બ-૧
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૪/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:- વિભાગની સરખા ક્રમાંની તા.૧૯/૪/૧૮ની અધિસુચના.

પ રિ પ ત્ર:-

આમુખમાં દર્શાવેલ અધિસુચનાથી વિભાગ હેઠળ ફરજ બજાવતાં બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ માંથી પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧માં બઢતીથી નિમણૂંક આપવામાં આવેલ છે. જે જિલ્લા પંચાયતમાં નિયમિત (રેગ્યુલર) પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ મૂકાયેલ છે. તે જિલ્લામાં મહાનગરપાલિકા છે ત્યાં પ્રોગ્રામ અધિકારી (શહેરી વિસ્તાર) વર્ગ-૧ની જગ્યાઓ નવી ઉભી થયેલ છે. ત્યાં જે તે જિલ્લાના પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ને ચાર્જ આપવાનો રહેશે. જયાં મહાનગર પાલિકામાં પ્રોગ્રામ ઓફિસર વર્ગ-૧(શહેરી વિસ્તાર)ની જગ્યા ભરાયેલ હોય ત્યાં આ બાબત લાગુ પડશે નહીં.

૨. જે તે જિલ્લા પંચાયતમાં નિયમિત (રેગ્યુલર) પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ ની જગ્યા ખાલી હોય, તેમજ મહાનગરપાલિકા (શહેરી વિસ્તાર) માટે પ્રોગ્રામ ઓફિસર વર્ગ-૧ ની જગ્યા ખાલી હોય ત્યારે, જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા ચાર્જ સોંપવાનો નિર્ણય લેવાનો રહેશે. જ્યારે મહાનગરપાલિકા (શહેરી વિસ્તાર) માટે નાયબ કમિશ્નર (આરોગ્ય) અથવા મેડીકલ ઓફિસર (શહેરી વિસ્તાર)ને ચાર્જ આપવાનો નિર્ણય કમિશ્નરશ્રી (મહાનગરપાલિકા) દ્વારા લેવાનો રહેશે.

૩. આ ઉપરાંત જે તે જિલ્લામાં પ્રોગ્રામ ઓફિસર વર્ગ-૧ની જગ્યા નિયમિત (રેગ્યુલર) ભરાયેલ નથી ત્યાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા આરોગ્ય વિભાગ(જાહેર આરોગ્ય)નાં જિલ્લા આરોગ્ય અધિકારી, આર.સી.એચ.ઓ. તથા એ.ડી.એચ.ઓ. ને ચાર્જ આપવાનો રહેશે. જો તેઓ ઉપલબ્ધ ન થાય તો ના છૂટકે અન્ય સંવર્ગના સીનીયર અધિકારીને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત ચાર્જ આપવાનો રહેશે.

(પાછળ)

૪.　આ પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રીની તા.૨૪/૦૪/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે. આ સૂચનાઓનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી (મબાક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી (મબાક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ......................

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જુનાગઢ, જામનગર, ગાંધીનગર.

(૭) તમામ જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી(આઇસીડીએસ શાખા), જિલ્લા પંચાયત કચેરી, જિ.................

(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, રાજકોટ/અમદાવાદ.

(૯) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી,જિ.

(૧૦) નિવાસી ઓડિટ અધિકારી,ગાંધીનગર.

(૧૧) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ / શાખા સિલેકટ ફાઇલ.